RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૩૮ તા.૨૧–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ડે.ઈજનેર અશોક પટેલે સાઉથઝોન (ઉધના)માં ડે.ઈજનેર તરીકેની ફરજ સંભાળ્યા બાદ અત્યાર સુધીમાં તેમણે જે જે ગેરકાયદે ઊભા થયેલ અથવા ઊભા થતાં બાંધકામ બદલ નોટીસો ફટકારી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૮/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) ડે.ઈજનેર અશોક પટેલે સાઉથઝોન (ઉધના)માં ડે.ઈજનેર તરીકેની ફરજ સંભાળ્યા બાદ અત્યાર સુધીમાં તેમણે જે જે ગેરકાયદે ઊભા થયેલ અથવા ઊભા થતાં બાંધકામ બદલ નોટીસો ફટકારી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે** મુદ્દા નં. ૩ની વિગત વાહનભથ્થુ મેળવતા તમામ માટે આદેશાત્મક હોઈ તે અંગેની દફતરી હકીકત પણ નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૯૪ તા.૨–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૭–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) ડે.ઈજનેર અશોક પટેલે સાઉથઝોન (ઉધના)માં ડે.ઈજનેર તરીકેની ફરજ સંભાળ્યા બાદ અત્યાર સુધીમાં તેમણે જે જે ગેરકાયદે ઊભા થયેલ અથવા ઊભા થતાં બાંધકામ બદલ નોટીસો ફટકારી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. મુદ્દા નં.(૨) નોટીસો ફટકાર્યા બાદ કયા કયા બાંધકામમાં તેઓએ ડીમોલીશનની કામગીરી કરી તેની મિલ્કતધારક નામ, સરનામા તથા ડીમોલીશન બાદ વસુલ કરે વહીવટી ખર્ચની વિગત સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૩) ડે. ઈજનેર અશોક સાહેબે સાઉથઝોનમાં ફરજ પર આવ્યા બાદ તેઓએ કરેલ કામગીરીની અત્યાર સુધીની માસિક ડાયરી (વર્કબુક) ની નકલો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવેલ નથી. અપીલ તબકકે પણ તક આપવા છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના પક્ષે કોઈ રજૂઆત કરેલ નથી. વધુમાં અરજદારને પણ અત્રેથી અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તે બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત. એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,